GJRJ060002972026

દાખલ તારીખ : ૦૩–૦૨–૨૦૨૬
રજી. તારીખ : ૦૩–૦૨–૨૦૨૬
ફેસલ તારીખ : ૧૫–૦૭–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

**આંક–**

## FROM–A

**ધોરાજીના મહે.એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, ધોરાજી.**

**શ્રી વિપિન કુમાર બંસલ**
**એડિશ્નલ સીનીયર સીવીલ અને ચીફ જયુડીશ્યલ ન્યાયાધીશ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| ક્રિમીનલ કેસ નંબર | ૨૩૫/૨૦૨૬ |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર<br>( નટવરભાઈ લખમણભાઈ ભુત, રહે. મોટીમારડ, તા.ધોરાજી, જી.રાજકોટ |
| પોલીસ સ્ટેશન | પાટણવાવ પોલીસ સ્ટેશન |
| એ.પી.પી.શ્રી | શ્રી જે.વી.જોષી |
| ગુનાની કલમ | બી.એન.એસ. ની કલમ–૩૦૩(૨),૩૨૯(૩),૫૪ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૨૧૩૦૧૦૪૩૨૫૦૨૮૭/૨૦૨૫ |
| આરોપી પક્ષ | **નં.૧ સાગરભાઈ ચંદુભાઈ બારૈયા**<br>**નં.૨** અર્જુનસિંહ દિલીપસિંહ ગોહીલ<br>રહે. બંને–મોટીમારડ, તા.ધોરાજી. જી.રાજકોટ. |
| બચાવ પક્ષ–વિ.વ.શ્રી | વિ.વ.શ્રી. એન.આર.શેખવા |
| | |

## FROM–B

| | |
|---|---|
| એફ.આઈ.આર.તા. | ૨૦–૧૨–૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તા. | ૦૩–૦૨–૨૦૨૬ |
| ચાર્જફ્રેમ/પ્લી કર્યા તા. | ૦૩–૦૨–૨૦૨૬ |
| પુરાવો ચાલુ થયા તા. | ૧૫–૦૭–૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તા. | – |
| ચુકાદાની તારીખ | ૧૫–૦૭–૨૦૨૬ |
| સજા, હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

## આરોપીની વિગત

| આરોપી ક્રમ નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો આઇ.પી.સી/બી.એન.એસ. | તકસીર વાર/ નિર્દોષ | કરવા માં આવેલ સજા | સી.આર.પી.સી.ની.કલમ –૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સાગર ભાઇ ચંદુભાઇ બારૈયા | ૨૧.૧૨.૨૦૨૫ | ૨૨.૧૨.૨૦૨૫ | ૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ | નિર્દોષ | – | – |
| ૨ | અર્જુન સિંહ દિલીપ સિંહ ગોહીલ | ૨૧.૧૨.૨૦૨૫ | ૨૨.૧૨.૨૦૨૫ | ૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ | નિર્દોષ | – | – |

## FROM–C

### ફરિયાદી પક્ષે/ બચાવ પક્ષે/કોર્ટ તરફે સાહેદ યાદી

### અ. ફરિયાદી પક્ષે સાહેદ લીસ્ટ

| અનું નં. | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૮ | નટવરભાઇ લખમણભાઇ ભુત | ફરિયાદી |

### બ.આરોપી પક્ષે સાહેદ લીસ્ટ

| આંક– | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ---- | ---- | ---- |

### ક. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ------ | ----- | ----- |

### એ– ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તોવજોઃ–

| અનુ.નં. | આંક | વિ ગત |
|---|---|---|
| ૧ | ૯ | ફરિયાદ |

### બ.બચાવ પક્ષે આંકે પાડેલ દસ્તાવેજ

| અ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | --- | ---- |
| ૨ | --- | ---- |

**ક. કોર્ટ પક્ષે આંકે પાડેલ દસ્તાવેજ**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ---- | ---- |
| ૨ | ---- | ---- |

**ડ.કબજે કરેલ મુદ્દામાલ**

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૧ | મુદ્દામાલ પાવતી નં.૪૬/૨૦૨૫-આંક-૨ |

## // ચુકાદો //

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૧/૨૦૨૫ ના સાંજના સાતેક વાગ્યાથી તા.૨૬/૧૧/૨૦૨૫ ના સવારના સાત વાગ્યા દરમિયાન મોજે મોટીમારડ ખાતે આ કામના ફરિયાદીના ખેતરમાં રાખેલ કપાસની ભારી નંગ-૧૨ (આશરે ૩૦ મણ) જેની કિ.રૂા.૩૫,૦૦૦/-ના મુદ્દામાલની ચોરી કરી લઇ જઇ તેમ કરી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨),૩૨૯(૩),૫૪ મુજબનો ગુન્હો કરેલ છે તે મતલબની ફરિયાદ, ફરિયાદીએ પાટણવાવ પો.સ્ટે.માં આપેલ છે. ફરિયાદના આધારે તપાસનીશ અધિકારીએ તપાસ પુર્ણ કરી, આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો આવતા આરોપીઓ વિરૂદ્ધનું ઉપરોકત ગુન્હા અંગેનુ ચાર્જશીટ નામ. કોર્ટમાં દાખલ કરેલ છે.

**૨.** આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થતા તેઓને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭/બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ આપવામાં આવી તેની ખાત્રી કરી, આરોપીઓનુ

આંક–૪ થી તહોમતનામું ફરમાવી તે પછી આરોપીઓને અનુક્રમે આંક–૦૫ અને આંક–૬ થી પ્લી લઇ તેમાં જણાવેલ ગુનાની વિગત વાંચી, સંભળાવી સમજાવવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

**૩.** સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતા આ કામના આરોપીઓ વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩/ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૪.** બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૫.** સબબ કેસના આખરી નિર્ણય માટે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૨૫/૧૧/૨૦૨૫ ના સાંજના સાતેક વાગ્યાથી તા.૨૬/૧૧/૨૦૨૫ ના સવારના સાત વાગ્યા દરમિયાન મોજે મોટીમારડ ખાતે આ કામના ફરિયાદીના ખેતરમાં રાખેલ કપાસની ભારી નંગ–૧૨ (આશરે ૩૦ મણ) જેની કિ.રૂા.૩૫,૦૦૦/–ના મુદ્દામાલની ચોરી કરી લઇ જઇ તેમ કરી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨),૩૨૯(૩),૫૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

**૬.** સબબ મુદ્દાઓ અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

**૭.** આપરાધિક ન્યાય સિદ્ધાંતના સર્વ સામાન્ય નિયમ પ્રમાણે ફરિયાદપક્ષે આરોપીઓ સામે કેસ શંકાથી પરે સાબિત કરવાનો છે. આરોપીઓને ચુપ રહેવાનો અધિકાર છે, તથા ફરિયાદપક્ષ માટે પુરાવાથી કેસ સાબિત કરવાનુ ધોરણ તે **યુક્તિયુકત શંકા થી પરે** છે અને તે રીતે ફરિયાદપક્ષે નિઃશંક પુરાવાથી સમગ્ર કેસ જેમ કે, આરોપીઓને સ્થળે હાજરી, ઈજાના સાધન, ઈજાનો પ્રકાર, હેતુ, ગુનાવાળી જગા, હથિયાર, કારણ વિગેરે હકીકતો પુરવાર કરવાની રહે છે. જો ફરિયાદપક્ષ તેમ કરવામાં નિષ્ફળ જાય અને શંકા પણ પ્રેરાય તો શંકાનો લાભ આરોપીઓના પક્ષે રહે છે. અહીં સીવીલ કાયદાની જેમ શક્યતાની સંભાવ્યતા પ્રમાણે પુરાવો આપી આરોપીને શિક્ષા કરી શકાય નહી.

૮. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ સાહેદોની જુબાની તે રેકર્ડનો ભાગ હોઈ, સાહેદોની જુબાનીનો સારાંશ પ્રથમ નોંધીને પછી તેની ચર્ચા કરવાને બદલે, બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુથી, મુદ્દા અનુસાર સબંધિત જગ્યાએ સાહેદોની જુબાની ચર્ચવામાં આવેલ છે. સૌપ્રથમ આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુના સબંધે રજુ પુરાવો મુલવતા પહેલા, ફરિયાદપક્ષે આક્ષેપિત ગુનો બનવા માટે કયા કયા તત્વો સાબિત કરવાના રહે છે તે જોવુ મહત્વનું બની રહે છે.

**બી.એન.એસ. કલમ– ૩૨૯(૧)/આઇ.પી.સી કલમ–૪૪૧ઃ–**

જે કોઇ વ્યક્તિ બીજી વ્યક્તિના કબજામાં રહેલ મિલકત પર કે મિલકતમાં તે મિલકત ઉપર જઇ કોઇ આપરાધિક કૃત્ય કરવાના ઈરાદાથી કે તે મિલકતના કબજા ધારકને ત્રાસ આપવાના ઈરાદાથી કે

બદનક્ષી કરવાના ઈરાદાથી પ્રવેશ કરે તો તે આપરાધિક અપપ્રવેશ કહી શકાય, અથવા

કોઈ વ્યક્તિ કાયદેસર રીતે આવી મિલકતમાં કે મિલકત પર પ્રવેશ કરે તે મિલકતમાં કબજેદારને ત્રાસ આપવાના ઈરાદાથી બદનક્ષી કરવાના ઈરાદાથી ગેરકાયદેસર રીતે રોકાઈ જાય અથવા તો ત્યાં એવુ કૃત્ય કરવાના ઈરાદાથી રોકાઈ રહે તો એવા આપરાધિક અપપ્રવેશ કહી શકાય.

૯. આમ, ઉપરની વ્યાખ્યા મુજબ જો કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિના કબજામાં આવેલી મિલકત ઉપર તેવો કબજો ધરાવતી વ્યક્તિને ત્રાસ આપવાના ઈરાદાથી કે તેઓને બદનક્ષી કરવાના ઈરાદાથી પ્રવેશ કરે અથવા તો તેવો ઈરાદો પાછળથી ઉભો કરી તે મિલકતમાં રોકાઈ તો તેવા પ્રવેશ આપરાધિક અપપ્રવેશની વ્યાખ્યામાં પડે છે જેની સજા અંગેની જોગવાઈ કલમ–૪૪૭ માં કરવામાં આવેલી છે.

તે ઉપરાંત ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨)/ ઈ.પી.કો.કલમ–૩૭૮ મુજબના ગુનાના કામે નીચે મુજબની હકીકતો ફરિયાદપક્ષે સાબિત કરવાની રહે છે. કલમ–૩૭૮ ની વ્યાખ્યા કાયદામાં નીચે મુજબ કરવામાં આવેલી છે.

૧૦. બી.એન.એસ.**કલમ–૩૦૩(૨)/ આઈ.પી.સી કલમ–૩૭૮ ચોરીઃ–**

કોઈપણ વ્યક્તિ, બીજી કોઈ વ્યક્તિના કબજામાંથી તેની સંમતી વગર કોઈ જંગમ મિલકત અપ્રમાણિકપણે લઈ લેવાના ઈરાદાથી ખસેડે તેણે ચોરી કરી કહેવાય.

સમજુતી ૧ઃ કોઈ વસ્તુ જમીન સાથે જોડેલી હોય ત્યાં સુધી તે જંગમ મિલકત ન હોવાથી તેની ચોરી થઈ શકે નહી, પરંતુ તેને જમીનથી જુદી પાડવામાં આવે કે તુરત તે ચોરી કરી શકાય તેવી વસ્તુ બની જાય છે.

સમજુતી ૨ઃ કોઇ વસ્તુને જમીનથી જુદી કરવાના કૃત્યથી તેનુ થયેલુ સ્થાનાંતરણ ચોરીનો ગુન્હો બની શકે.

સમજુતી ૩ઃ કોઇ વ્યક્તિ કોઇ વસ્તુને ખરેખર ખસેડે ત્યારે તેમજ તેને ગતિશીલ થતાં અટકાવનારી અડચણ દુર કરે અથવા તેને બજી વસ્તુથી જુદી પાડે ત્યારે તે વસ્તુને ખસેડી કહેવાય.

સમજુતી ૪ઃ કોઇ વ્યક્તિ કોઇ પશુને ગતિમાન કરે તેણે તે પશુને તેમજ ગતિમાન થવાના કારણે તે પશુએ ખસેડી હોય તે દરેક વસ્તુને ખસેડી કહેવાય.

સમજુતી ૫ઃ આ વ્યાખ્યામાં જણાવેલી સંમતિ સ્પષ્ટ અથવા ગર્ભિત હોઇ શકે અને કબજેદાર વ્યક્તિ સંમતિ આપવાનો જેને સ્પષ્ટ અથવા ગર્ભિત અધિકાર હોય તે વ્યક્તિ તે આપી શકે.

એટલે ચોરીના ગુનાના કામે નીચે મુજબની હકીકતો રેકર્ડ પર આવવી જોઇએ.

૧. ગુનાહિત મુદ્ધામાલ તરીકે જંઘમ મિલકત

૨. તે મિલકત કોઇ વ્યક્તિ પ્રત્યક્ષ અથવા પરોક્ષ કબજામાં (આરોપી સિવાય)

૩. તેને એવા કબજામાંથી ખસેડવુ

૪. તે ખસેડવા પાછળનો ઈરાદો અપ્રમાણિક હોવુ જોઇએ.

ઉપરોકત તત્વોમાંથી એક પણ તત્વો ગેરહાજર હોય તો કલમ–૩૦૩(૨), ૩૨૯(૧), ૫૪ અનુસારનો ગુનો આરોપીઓએ કરેલ છે તેમ કહી શકાય નહી.

**૧૧.** આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્ત્વો પુરવાર કરવા માટે આ કામે આંક–૮ થી ફરિયાદી નટવરભાઇ લખમણભાઇ ભુત નાઓએ જુબાની આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, હાલનો

બનાવ આશરે આઠેક મહિના પહેલા બનેલો. તેમની મોટીમારડ ગામે છાડવાવદર જવાના રસ્તા આઠ વીઘા ખેતીની જમીન આવેલ છે તે જમીનમાં  તેઓએ કપાસનું વાવેતર કરેલ હતુ. હાલનો બનાવ બનેલો તે દિવસે તેઓ કપાસનું વાવેતર ઉતારેલ હતુ અને કપાસની ભારીઓ ૧૨ નંગ તેમના ખેતરે સાચવીને રાખેલ હતી. બાદી બીજા દિવસે સવારે તેમના ભાગીયા અંકિતભાઇનો તેમને ફોન આવેલ કે આપણા ખેતરમાં રાખેલ ભારીઓ કયાંય જોવામાં આવતી નથી જેથી તેઓ તુરત જ વાડીએ ગયેલા અને ત્યાં વાડીએ તમામ જગ્યાએ શોધખોળ કરતા તેમને કપાસની ભારીઓ મળી આવેલ નહી. બાદ તેઓ અમદાવાદ મુકામે તેમના પરિવાર પાસે જતા રહેલા અને આશરે વીસેક દિવસ બાદ તેઓએ બનાવ સબંધે ફરિયાદ આપેલી. જે ફરિયાદમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. તેમની કપાસની ભારીઓ કોણ ચોરી કરી ગયેલુ તેવા શકમંદનું નામ પણ તેઓએ ફરિયાદમાં જણાવેલ ન હતુ અને કોઇ ચોરી કરી ગયેલ તે અંગે તેઓને આજસુધી જાણવા મળેલ નથી. આજરોજ જે ઇસમ કોર્ટમાં હાજર છે તેને તેઓ ઓળખતા નથી. આથી વિશેષ કોઇ હકીકત તેઓએ તેમની ફરિયાદમાં લખાવેલ નથી. બનાવ સબંધે  પોલીસે તેમની કોઇ વિશેષ પુછપરછ કરેલ નથી. આથી વિશેષ કોઇ હકીકત તેઓને યાદ કરાવવા છતાં યાદ આવતી નથી.

આમ, ફરિયાદી ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય અને તેઓને વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ઉલટતપાસ દરમિયાન પણ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

સદર ફરિયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે તેઓને રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે,  ફરિયાદમાં કોઇ શકમંદનું નામ લખાવેલ નથી, ફરિયાદ આપ્યા બાદ પણ પોલીસે કોઇ વ્યક્તિના કબજામાંથી તેમનો ચોરાઇ ગયેલ મુદ્દામાલ કબજે કરેલ હોય

અને તેવો ઇસમ બતાવેલ હોય તેવુ બનેલ નથી.

**૧૨.** આ કામે આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લઇ તેની મુલવણી કરવામાં આવે તો ફરિયાદીએ તેઓની ફરિયાદ હકીકતને સમર્થન આપેલ નથી, તેમજ તેઓએ તેમની ઉલટતપાસમાં આરોપીઓ સાથે તેઓને રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ હોવાનુ તેમજ ફરિયાદમાં કોઇ શકમંદનું નામ લખાવેલ નહી હોવાનુ તેમજ ફરિયાદ આપ્યા બાદ પણ પોલીસે કોઇ વ્યક્તિના કબજામાંથી તેમનો ચોરાઇ ગયેલ મુદ્દામાલ કબજે કરેલ હોય અને તેવો ઇસમ બતાવેલ હોય તેવુ બનેલ નહી હોવાની હકીકત જણાવેલ હોય ફરિયાદીના પુરાવા પરથી હાલના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

વધુમાં, **નામદાર સુપ્રિમ કોર્ટે ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નં.૮૫ પ્રસિદ્ધ કેસ સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતિપાદીત કરેલ સિદ્ધાંત મુજબ, જયારે મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

> When the Judge is certain that there is no prospect of case, ending in conviction, valuable time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

આથી, જયારે ભારત દેશમાં કોર્ટોમાં ઘણા કોન્સ્ટેડ કેસો પેન્ડીંગ છે ત્યારે, જયારે હાલના કેસમાં મુખ્ય મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સપોર્ટ કરેલ નથી, ત્યારે બાકીના સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ જયુરીડીકશન મુજબ કેસ નિઃશંક

પુરાવાથી પુરવરા થઇ શકે તેમ નથી.

વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટે પ્રસિદ્ધ કરેલ ૧૯૯૮ ક્રિ.લો.જ. ૨૪૮૧, **સ્ટેટ ઓફ કર્નાટકા વિરૂદ્ધ જી. સત્યાનારાયણમુર્થી તથા ૨૦૧૨ એ.સી.સી.(૭૬) ૨૭૯ શિજી ઉર્ફે પપ્પુ વિરૂદ્ધ રાધિકા** સહિતના સંખ્યાબંધ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સામાન્ય રીતે કોર્ટોએ જયારે પક્ષકારો વચ્ચે વ્યક્તિગત તકરાર હોય તથા મુખ્ય ફરિયાદી ભોગ બનનાર વિમુખ થયેલ હોય અને ફરિયાદપક્ષને બીલકુલ સપોર્ટ કરેલ ન હોય તો તે અંગે કોર્ટ તેનો કિંમતી સમય અન્ય સાહેદોને તપાસવામાં વ્યર્થ કરવો જોઇએ નહી. કોર્ટમાં કેસોનુ ભારણ છે, તથા તે અંગે જો ફરિયાદી મુખ્ય ભોગ બનનાર જ જાતે વિમુખ હોય અને ફરિયાદપક્ષને સપોર્ટ કરેલ ન હોય તો આ સંજોગોમાં આરોપી સામેનો કેસ ક્રિમીનલ જયુરીડીકશન મુજબ નિઃશંક પુરાવાથી પુરવાર થઇ શકે નહી. કોર્ટોએ જે કેસમાં ફરિયાદપક્ષને ફાયદારૂપ ચુકાદો આપવાન ન હોય તેવા કેસોને લાંબા સમય સુધી પડતર રાખવાનું પરવળી શકે તેમ નથી. અત્રેના કેસમાં પણ આ ફરિયાદી તથા સાહેદો વિમુખ છે. તેથી આરોપીઓ સામેનો કેસ અન્ય સાહેદો તપાસવાથી પણ નિઃશંકપણે પુરવાર થઇ શકે તેમ નથી, તથા ફરિયાદીએ કલોઝીંગ પુરસીસ આપી ને પણ કોઇ અન્ય સાહેદોને નહી તપાસવાની હકીકત દર્શાવેલ છે. નારાયણ મુર્થી (સુપ્રા) ના કેસમાં જણાવેલ છે કે,.....

In the present case, both the trial Court and High Court were totally handicapped by the fact that the mother of the girl had virtually turned hostile. She had even gone to the extent of saying that the injury sustained by the girl was as a result of a fall and she has totally and completely exonerated the accused to the extent of saying that she does not even know him. With this type of record, which gets compounded by the fact that the doctor had also not supported the prosecution case, the Court was therefore left with absolutely no material

on the basis of which a conviction could be sustained. Having regard to the seriousness of these cases and the graveness and the complexion of the offences, the High Court examined the facts thoroughly on merits, and with a degree of deepest regret, recorded that it would be impossible to disturb the acquittal order passed by the trial Court. (Para 4)

આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા આ કામના કારણોની ચર્ચામાં આક્ષેપીત ગુનાની કલમના ઉકત તત્વો જોતા તમામ તત્વો એકીસાથે આરોપીઓ સામે નિઃશંકપણે પુરવાર ફરિયાદપક્ષ કરી શકેલ નથી. જેથી, શંકા કુશંકા પ્રેરાય છે અને શંકાનો લાભ આરોપી પક્ષને રહે છે. આમ, ફરિયાદપક્ષ, આરોપીઓ વિરૂદ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## // હુકમ //

૧. આ કામે આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧)/ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨),૩૨૯(૩),૫૪મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓના જુના જામીનખત આથી રદ્ધ કરવામાં આવે છે. વધુમાં, ક્રિ,પ્રો.કોડની કલમ-૪૩૭(એ)/ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબ ૬ મહિનાના સમય સુધી ના સમયગાળા માટે અપીલ સમય હાજર રહેવાની ખાત્રી સબબ રૂા.૫,૦૦૦/-પુરાના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ રોકડ રકમ ફરિયાદીને પરત કરવા અંગે પાટણવાવ પો.સ્ટે.ને યાદી કરવી અને પાટણવાવ પો.સ્ટે. નાઓએ સદર મુદ્દામાલ રોકડ રકમ ફરિયાદીને તેના ઓળખના આધાર પુરાવા લઇ નિયમ મુજબ પરત કરવી અને પરત કર્યા અંગેનો રીપોર્ટ અત્રેની અદાલતને કરવો.

હુકમ આજરોજ તા.૧૫ મી જુલાઇ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ધોરાજી
તા.૧૫/૦૭/૨૦૨૬

(વિપિનકુમાર બંસલ)
**એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**ધોરાજી**
કોડ નં.જીજે.૦૧૨૩૩